ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૨૬-૦૭-૨૦૨૨

કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષા આદરણીય શ્રીમતિ સોનિયા ગાંધીજી પર ખોટા ઈડીના સમન્સના વિરોધમાં અમદાવાદ રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત ધરણાંમાં મોટી સંખ્યામાં કાર્યકરો – આગેવાનો જોડાયા હતા. પેપર ફૂટે, મોંઘવારી સતત વધે, રૂપિયાનું સતત ધોવાણ થાય, વેપાર ધંધા પડી ભાંગે, બેરોજગારી, મહિલા સુરક્ષા, કર્મચારીઓ પોતાના હક્ક અધિકાર સહિતના પ્રશ્નો માટે લડત આપે તો વારંવાર પોલીસ તંત્ર અને કેન્દ્રીય એજન્સીઓનો દુરુપયોગ કરી ભાજપ જનતાનો અવાજ દબાવવાનો પ્રયાસ કરે છે પરંતુ કોંગ્રેસ મજબુતાઈથી જનતાનો અવાજ રજુ કરશે.સતત જનતાના અવાજ ઉઠાવતા કોંગ્રેસ પક્ષના નેતાશ્રીના સત્યથી મોદી સરકાર ડરી ગઈ છે. સત્યને દબાવી શકાતુ નથી, ઝુકાવી શકાતુ નથી. ભાજપની કિન્નાખોરીની રાજનીતિથી લોકતંત્ર માટે ખતરો ઉભો થયો છે. કોંગ્રેસ પક્ષ સામાન્ય - મધ્યમવર્ગ, શોષિત - વંચિત, ગરીબ, ખેડૂતો, દલિત સહિતના લોકોનો અવાજ મજબુતાઈથી ઉઠાવતા રહ્યાં છે. કોંગ્રેસનો કાર્યકર એ લોકશાહીનો સિપાહી છે અને સંવિધાનનો રખેવાળ છે. કોંગ્રેસ પક્ષના આગેવાન - નેતા વિરૂદ્ધ સરકારી એજન્સીઓનો દુરુપયોગ કરતી ભાજપ સરકારના હથકંડાઓથી કોંગ્રેસ પક્ષ ના ડરશે, ના ઝુકશે, ના દબાશે, કોંગ્રેસપક્ષ ફક્ત સત્યના રસ્તે ચાલી ભાજપના તમામ પ્રયાસોને વિફળ કરશે.

નેશનલ હેરાલ્ડના નામે મોદી સરકાર કોંગ્રેસ નેતૃત્વ પર ખોટા કેસ કરવાની મોટી ભુલ કરી છે. નેશનલ હેરાલ્ડ સ્વાતંત્ર સેનાનીઓનું અવાજ બન્યું હતું. નેશનલ હેરાલ્ડએ સ્વાતંત્ર સંગ્રામની ઓળખ પણ છે અને અવાજ પણ છે. જે આજે પણ દિલ્હીના શાસન પર બિરાજમાન સત્તાધિશો સામે મક્કમતાથી અવાજ ઉઠાવી રહ્યું છે. કોંગ્રેસ પક્ષના નેતૃત્વએ આઝાદીની લડાઈમાં મહત્વની ભૂમિકા ભજવતા નેશનલ હેરાલ્ડની નાણાંકીય કટોકટીના સમયે મહેનતુ પત્રકારોના પગાર, અખબાર ચલાવવા અને અન્ય કામગીરી માટે આર્થિક મદદ કરી હતી. ત્યારે દેશ પુછે છે કે, અંગ્રેજો સામે હિંદુસ્તાનીઓનો અવાજ બુલંદ કરનાર અખબારની સંસ્થાને નાણાંકીય મદદ કરવી શું ગુન્હો છે? કોંગ્રેસ પક્ષ એ ગાંધી-સરદારની ઉત્તરાધિકારી છે. જે વિભાજનકારી એજન્ડા ધરાવતી ભાજપની બદલાની રાજનીતિ થી કદાપી ડરશે નહીં.

ઈડીના સમન્સના વિરોધમાં અમદાવાદ રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પૂરા દિવસના ધરણામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્યશ્રી હિંમતસિંહ પટેલ, એ.આઈ.સી.સી.ના ચૂંટણી પ્રભારીશ્રીમતિ શોભાબેન ઓઝા, સહપ્રભારી શકીરજી, વરિષ્ઠ નેતા શ્રી રાજુભાઈ પરમાર, ડૉ. જીતુભાઈ પટેલ, શ્રી બિમલ શાહ, શ્રી પંકજ શાહ, શ્રી પંકજ પટેલ, ડૉ. મનિષ દોશી, શ્રી બળદેવ લુણી, શ્રી રાજુભાઈ બ્રહ્મભટ્ટ, શ્રી ઈકબાલ શેખ, શ્રી ગીતાબેન પટેલ, શ્રી ગીતાબેન પટેલ, દીપસિંહ ઠાકોર, શ્રી બાબુભાઈ વાઘેલા, શ્રી નઈમ મિર્ઝા, શ્રી ભીખુભાઈ દવે, શ્રી ઉમાકાંત માંકડ, શ્રી સી.એમ. રાજપુત, શ્રી ધર્મેન્દ્ર પટેલ, શ્રી હિરેન બેંકર, શ્રી કમલેશ પટેલ, ગુલાબખાન રાઉમા, મહિલા કોંગ્રેસ પ્રમુખશ્રી જેનીબેન ઠુંમર, અમદાવાદ શહેર પ્રમુખશ્રી નીરવ બક્ષી, કોર્પોરેશન નેતાશ્રી શેહઝાદખાન પઠાણ, અમદાવાદ શહેર મહિલા પ્રમુખશ્રી હેતાબેન પરીખ, મંદાકીનીબેન પટેલ, શ્રી કલ્પનાબેન પટેલ, શ્રી જીગીશા પટેલ, વડોદરા શહેર પ્રમુખશ્રી ઋત્વીજ જોષી, શ્રી હબીબ મોદન, શ્રી અમૃત પંડ્યા, શ્રી કેતન પરમાર, સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહી ભાજપ-મોદી સરકારની કિન્નાખોરીની નીતિ સામે સુત્રોચ્ચાર કર્યા હતા.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા